**GJSK180010652022**

| | | |
|---|---|---|
| રજી.તારીખ | : | ૧૫–૧૦–૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૧૫–૧૦–૨૦૨૨ |
| કેંસલ તારીખ | : | ૨૧–૧૦–૨૦૨૨ |

**ઈડરના મે. બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૫૧૫/૨૦૨૨**
**આંક :–**

વાઘજીભાઈ મશરૂભાઈ બુબડીયા ઉ.વ.આ.૩૦
રહે. કાલીકાંકર (ગવરીફળો) તા.પોશીના,
જી.સાબરકાંઠા. **...અરજદાર/આરોપી**

વિરૂઘ્ધ

શ્રી સરકાર **...સામાવાળા**

**બાબત :– ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.બી.દેસાઈ**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.એન.બારોટ**

---

**–:: ઠરાવ ::–**

**(૧)** જામીન અરજી વંચાણે લીઘી. તપાસ કરનાર અમલદાર ઘ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામું વંચાણે લીઘું. પોલીસ પેપર્સ વંચાણે લીઘાં. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યા.

**(૨)** અરજદાર/આરોપી તરફે પોશીના પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૮, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે. અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન પર મુકત થવા માટેના જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઈ તથા આ

હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોઈ, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી. પરંતુ, તમામ કારણો વંચાણે અને ધ્યાને લીધેલ છે.

(૩) અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, આ કામના ફરીયાદીએ આરોપીને પાણી ખેંચવાના મશીનના ભાડાના પૈસા બાબતે વાત કરતાં આરોપીએ અદાવત રાખી ફરીયાદીના ઘર નજીક આવી ગાળો બોલતાં સાહેદ શારદાબેન લાખાભાઈ બુબડીયા નાઓ ઘરની બહાર નીકળતાં આરોપીએ મારી નાખવાના ઈરાદે તેના હાથમાંનુ તિરકામઠું ખેંચી સાહેદના પેટના ભાગે તીર મારી, ગંભીર ઈજાઓ પહોંચાડી, મે.જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૪) જયાં સુધી હાલની અરજીના અનુસંધાને બન્ને પક્ષની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી સૌ પ્રથમ અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ સાંભળતાં તેઓએ તેમની દલીલમાં ભારપુર્વક રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તા.૧૯–૧૧–૨૦૧૮ ના રોજથી જયુડી. કસ્ટડી હેઠળ છે.સદર ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોઈ નામદાર સેશન્સ અદાલતમાં કમીટ થતાં તેનો સેશન્સ કેસ નં.૨૪/૨૦૧૯ નો પડેલ છે. અરજદાર/આરોપી કોઈ ક્રિમીનલ ઈતિહાસ ધરાવતા નથી. ગુન્હાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે.ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને તેઓની સામે મુકવામાં આવેલ તહોમત ખોટુ છે. અરજદાર/આરોપીએ કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓની પાસેથી કોઈ ગુનાહિત મુદ્દામાલ મળી આવેલ નથી. અરજદાર/આરોપી ગરીબ વર્ગના ઈસમ છે અને મજુરી કરી કુટુંબનુ ગુજરાન ચલાવે છે. અરજદાર/આરોપી નાસી–ભાગી જાય તેવા નથી અને નામદાર કોર્ટની હકુમતના કાયમી રહીશ છે. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૫) જયાં સુધી શ્રી સરકાર તરફેની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજીનો દલીલ કરી સખત વિરોધ કરી ભારપુર્વક રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ સાહેદ શારદાબેનને મારી નાખવાના ઈરાદે પોતાના હાથમાંનુ તિરકામઠું ખેંચી સાહેદના પેટના ભાગે મારી ગંભીર ઈજાઓ કરી, સારવાર દરમ્યાન શારદાબેન મરણ ગયેલ છે અને અરજદાર/આરોપીએ ગંભીર ગુન્હો કરેલ છે. અરજદાર/આરોપી સામેના ગુન્હાની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ રજુ થયેલ હોવા માત્રથી આરોપી સામેના ગુન્હાની ગંભીરતામાં કોઈ ઘટાડો થતો નથી. ઉલ્ટાનો આરોપી સામેનો કેસ મજબુત બને છે, તેમજ આરોપી સામેનો પ્રથમ દર્શનીય કેસ છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) તપાસ કરનાર અમલદારશ્રીએ પણ સોગંદનામામાં એ હકીકત દર્શાવેલ છે કે,ગુનામાં વાપરેલ મારક હથિયાર પંચનામાની વિગતે કબ્જે લીધેલ છે. અરજદાર/આરોપીએ સાહેદ શારદાબેનને મારી નાખવાના ઈરાદે તીરકામઠા વડે પેટના ભાગે મારી જીવલેણ ઈજાઓ પહોંચાડતાં સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. અરજદાર/આરોપી તથા ફરીયાદી સગા ભાઈઓ છે અને નજીક નજીક રહે છે. જેથી ફરીયાદી સાથે પોતાના ઉપર કરેલ ફરીયાદની અદાવત રાખી, ફરીયાદી તથા

સાહેદોના પરિવાર સાથે ગંભીર ગુન્હો કરે–કરાવે તે નકારી શકાય તેમ નથી.જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત ન કરવા જણાવેલ છે.

(૭) બન્ને પક્ષો તરફેની મૌખિક રજુઆતો બાદ કાયદાકીય સ્થિતિ અંગે પણ જોતાં કોઈપણ બિનજામીનપાત્ર ગુન્હાના કામમાં આરોપીને જામીન ઉપર મુકત કરવો કે કેમ ? તે બાબત ક્રિ.પ્રો. કો.કલમ–૪૩૯ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. પરંતુ, આવી વિવેકબુધ્ધિની સત્તા મનસ્વી રીતે ન વાપરતાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદાઓમાં રહીને વાપરવી પણ આવશ્યક છે.

(૮) સામાન્ય રીતે નાગરીકોની સ્વતંત્રતાના હકકને રક્ષણ આપવું જોઈએ. પરંતુ, Right to Liberty કરતાં Right to Life વધુ મહત્વનુ છે. આ બનાવમાં એક વ્યકિતએ પોતાનો જીવ ગુમાવેલો છે અને તેનુ કુટુંબ અનાથ બની ગયેલ છે, ત્યારે અરજદાર/આરોપીના સ્વતંત્રતાના હકકોનું રક્ષણ કરવા કોઈ સહાનુભુતિ દાખવી શકાય તેમ નથી.

(૮.૧) આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિમીનલ અપીલ નં. ૮૮૩/૨૦૨૧ (Arising from S.L.P. (Criminal) No. 3739/2021) હરજીતસિંગ વિરૂધ્ધ ઈન્દ્રપ્રિતસિંગ ઉર્ફે ઈન્દ્ર, જજમેન્ટ તા.૨૪–૮–૨૦૨૧ તથા નામદાર સુપ્રિમ કોર્ટના સોનુ વિરૂધ્ધ સોનુ યાદવ અને બીજાઓ ક્રિમીનલ અપીલ નં. ૩૭૭/૨૦૨૧ (Arising from S.L.P. (Criminal) No. 924/2021) ના કામે તથા રમેશ ભવાન રાઠોડ વિરૂધ્ધ વિસનભાઈ હીરાભાઈ મકવાણા (કોળી) અને બીજાઓમાં ગંભીર ગુન્હાઓની જામીન અરજીના નિર્ણયના તબકકે શું શું હકીકતો અને સંજોગો નજર સમક્ષ રાખવા જોઈએ તથા કોર્ટના ન્યાયીક વિવેકાધીન ઉપયોગ બાબતે પ્રસ્થાપિત ન્યાયીક સિધ્ધાંત ધ્યાને લીધેલા. તદૃઉપરાંત ભારતીય બંધારણમાં વ્યકિતની સ્વતંત્રતા અંગે નામદાર સુપ્રિમ કોર્ટે પેરા નં.૨૪ માં આસ મોહમદ વિરૂધ્ધ શીવરાજસિંગ (૨૦૧૨) ૯ એસ.સી.સી. ૪૪૬ ના પેરા નં.૧૯ થી ૨૧ માં નીચે મુજબનુ અવલોકન કરી ઠરાવેલ છે કે,

19. We are absolutely conscious that liberty of a person should not be lightly dealt with, for deprivation of liberty of a person has immense impact on the mind of a person. Incarceration creates a concavity in the personality of an individual. Sometimes it causes a sense of vacuum. Needless to emphasize, the sacrosanctity of liberty is paramount in a civilized society. However, in a democratic body polity which is wedded to Rule of Law an individual is expected to grow within the social restrictions sanctioned by law. The individual liberty is restricted by larger social interest and its deprivation must have due sanction of law. In an orderly society an individual is expected to live with dignity having respect for law and also giving due respect to others rights. It is a well accepted principle that the concept of liberty is not in the realm of absolutism but is a restricted one. The cry of the collective for justice, its desire for peace and harmony and its necessity for security cannot be allowed to be trivialized. The life of an individual living in a society governed by Rule of Law has to be regulated and such regulations which are the source in law

subserve the social balance and function as a significant instrument for protection of human rights and security of the collective. It is because fundamentally laws are made for their obedience so that every member of the society lives peacefully in a society to achieve his individual as well as social interest. That is why Edmond Burke while discussing about liberty opined, it is regulated freedom.

20. It is also to be kept in mind that individual liberty cannot be accentuated to such an extent or elevated to such a high pedestal which would bring in anarchy or disorder in the society. The prospect of greater justice requires that law and order should prevail in a civilized milieu. True it is, there can be no arithmetical formula for fixing the parameters in precise exactitude but the adjudication should express not only application of mind but also exercise of jurisdiction on accepted and established norms. Law and order in a society protect the established precepts and see to it that contagious crimes do not become epidemic. In an organized society the concept of liberty basically requires citizens to be responsible and not to disturb the tranquility and safety which every well-meaning person desires. Not for nothing J. Oerter stated: Personal liberty is the right to act without interference within the limits of the law.

21. Thus analyzed, it is clear that though liberty is a greatly cherished value in the life of an individual, it is a controlled and restricted one and no element in the society can act in a manner by consequence of which the life or liberty of others is jeopardized, for the rational collective does not countenance an anti-social or anti-collective act. 7.3 In the case of State of Maharashtra v. Sitaram Popat Vetal, (2004) 7 SCC 521, it is observed and held by this Court that while granting of bail, the following factors among other circumstances are required to be considered by the Court :

1. The Nature of accusation and the severity of punishment in case of conviction and the nature of supporting evidence.
2. Reasonable apprehension of tampering with the witness or apprehension of threat to the complainant; and
3. Prima facie satisfaction of the court in support of the charge.

It is further observed that any order dehors such reasons suffers from non-application of mind.

(૯) વધુમાં ખૂન જેવા ગંભીર ગુન્હા સંબંધે નીચેના ચુકાદા ધ્યાને લીધા.

(૧) એ.આઈ.આર. ૧૯૬૨, એસ.સી.૨૫૩, ધી સ્ટેટ વિરૂધ્ધ કેપ્ટન જગજીતસિંહ

(૨) ૨૦૧૧ (૨), જી.એલ.એચ. ૪૨, રાજુભાઈ પીઠાભાઈ વાળા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨ અન્વયેના ખૂનના ગુન્હાની ગંભીરતા સમાજ વિરૂધ્ધનો ગુન્હો હોવાનું દર્શાવેલ છે અને જો આરોપી પ્રથમ દર્શને (પ્રાઈમાફેસી) આવા દેહાંતદંડની સજાને પાત્ર ગુન્હામાં સંડોવાયેલ

હોવાનુ જણાતુ હોય તો આવા ગુન્હાના આરોપીને જામીન મુકત કરી શકાય નહી તેવુ ઠરાવેલ છે. કારણ કે આવા ગંભીર ગુન્હાના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે ચોકકસપણે સંભવિત દેહાંતદંડ કે આજીવન કેદની સજાને પાત્ર ગુન્હામાંથી બચાવ માટે ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડાં કરે.

વધુમાં આ ચુકાદામાં ઠરાવેલ છે કે, આવા ગંભીર ગુન્હામાં બંધારણ આર્ટીકલ ૨૧ અન્વયેના વ્યકિતગત સ્વતંત્રતા કરતાં બહોળા સમાજનુ હિત ધ્યાને રાખવુ જરૂરી છે.

વધુમાં રાજુભાઈ પીઠાભાઈ વાલાના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, માત્ર ચાર્જશીટ દાખલ થયુ હોય તેટલા માત્રથી જ અન્ય સંજોગો બદલાયા ન હોય તો આરોપીને જામીન મુકત કરી શકાય નહી.

(૩) ૨૦૦૮ (૩), જી.એલ.આર.૨૧૯૨
ગોબરભાઈ નારણભાઈ સીંગાળા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

ઉપરોકત ચુકાદામાં પણ સમાજ વિરૂધ્ધના ગંભીર ગુન્હામાં આરોપીઓના જામીન રદ કરી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે, ટ્રાયલમાં વિલંબ થશે તેવુ કારણ પણ આરોપીને જામીન મુકત કરવા પુરતુ નથી. કારણ કે વ્યકિતગત સ્વતંત્રતા કરતાં બહોળા સમાજનુ હિત જળવાય તે જરૂરી છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના આ ચુકાદામાં અરજદાર/આરોપી પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરશે નહી તેવુ કારણ પણ જામીન મુકત કરવા યોગ્ય નથી તેવુ ઠરાવેલ છે (પેરા નં.૨૦)

(૪) ૨૦૦૮ (૨), જી.એલ.આર. ૧૧૪૬
ચંદ્રકાન્ત મેઘજીભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૫) ૨૦૦૮ (૩), જી.એલ.આર. ૨૧૯૨
જયેશભાઈ ઉર્ફે પાંચાભાઈ મુળજીભાઈ સાટોડીયા વિરૂધ્ધ જયરાજસિંહ ટેમુભા જાડેજા અને બીજાઓ

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ દેહાંત દંડ કે આજીવન કેદની સજાને પાત્ર ગુન્હાનો આરોપ હોય ત્યારે આવો ગુન્હો સમાજ વિરૂધ્ધનો ગણાય અને આવા ગુન્હામાં વ્યકિતગત સ્વતંત્રતા કરતાં સામાજિક હિતને અગ્રતા આપવી જોઈએ અને આવા ગંભીર ગુન્હાના આરોપીને જામીન મુકત કરવા જોઈએ નહી, કારણ કે ફાંસી કે દેહાંત દંડની સજાને પાત્ર ગુન્હાના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે સંભવિત સજામાંથી બચવા માટે ચોકકસપણે ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેંડા કરે તેમજ આવા ગુન્હાના આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં રોંગ સીગ્નલ જાય. વધુમાં એવુ પણ ઠરાવવામાં આવેલ છે કે, આરોપી વિરૂધ્ધ આવા ગંભીર ગુન્હાનો આરોપ હોય ત્યારે તેઓની હાજરી સહેલાઈથી ઉપલબ્ધ રહેશે અથવા તો ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેંડા કરશે નહી તેવી રજુઆત ધ્યાને લઈ શકાય નહી.

(૬) ૨૦૦૯, ક્રિ.લો.જ.૩૦૭૭ (દિલ્હી હાઈકોર્ટ)
સતિષ વિરૂધ્ધ સ્ટેટ (એન.સી.ટી.) ઓફ દિલ્હી

ઉપરોકત ચુકાદામાં ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૦૨ વિગેરે અન્વયેના ગુન્હાના જામીન અરજીના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે, સાંયોગિક પુરાવા આધારે પણ જો આરોપી ગુન્હામાં સંડોવાયેલ હોવાનુ જણાતુ હોય તો જામીન અરજી મંજુર કરી શકાય નહી.

(૭) ૨૦૦૯(૧) જી.એલ.આર. ૧૪
યોગેશ એમ. વ્યાસ વિરૂધ્ધ રજીસ્ટ્રાર હાઈકોર્ટ ઓફ ગુજરાત

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા રીફર કરી ઠરાવેલ છે કે, દેહાંત દંડની અને આજીવન કેદની સજાને પાત્ર ગુન્હામાં આરોપીનો કેસ જો અપવાદમાં પડતો ન હોય તો આરોપીને જામીન મુકત કરવા જોઈએ નહી.

(૮) ૨૦૦૩(૧) જી.એલ.આર. ૮૨૯
રામગોવિંદ ઉપાધ્યાય વિરૂધ્ધ સુદર્શનસીંગ અને બીજાઓ

(૯) ૨૦૦૩(૧) જી.એલ.આર. ૫૧૪(એસ.સી.)
રામપ્રતાપ યાદવ વિરૂધ્ધ મિત્રાસેન યાદવ અને બીજાઓ
(ક્રિ.અ.નં.૧૨૦૯/૨૦૦૨ ફેંસલ તા.૨૦-૧૧-૨૦૦૨)

ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, દેહાંત દંડ અને આજીવન કેદ જેવા ગંભીર ગુન્હાના આરોપીને જામીન મુકત કરવા જોઈએ નહી. જો ફરીયાદપક્ષના કેસમાં શંકા હોય તો જ આરોપીને જામીન મુકત કરી શકાય.

(૧૦) ૨૦૧૧(૩) જી.એલ.આર. ૨૨૩૭
રામપ્રસાદ વિશ્વનાથ ગુપ્તા અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે આરોપીના જામીન રદ કરતાં એવુ ઠરાવેલ છે કે, આરોપી વિરૂધ્ધ ગંભીર અને ધૃણાસ્પદ ગુન્હાનો આરોપ હોય ત્યારે આરોપીએ પોતાની
સ્વતંત્રતાનો દુરુપયોગ ન કર્યો હોય અથવા તો ભવિષ્યમાં ફરીયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેંડા કરશે નહી તેવા કારણોસર જામીન અરજી મંજુર કરી જામીન મુકત કરી શકાય નહી.

**(૧૦)** અરજદાર/આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે તપાસ કરનાર અમલદારે નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો સેશન્સ કેસ નં.૨૪/૨૦૧૯ પડેલ છે અને જે નામદાર સેશન્સ અદાલતમાં પેન્ડીંગ છે. પરંતુ, તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ થઈ જવાથી ગુન્હાની ગંભીરતામાં કોઈ ઘટાડો થતો નથી. જેથી તેઓની આ દલીલ ટકવાપાત્ર નથી. હાલના કામે સેશન્સ કેસ નં.૨૪/૨૦૧૯ નુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો અરજદાર/આરોપી સામેની સમગ્ર ટ્રાયલ પૂર્ણતાના આરે આવેલ છે અને કેસ અરજદાર/આરોપીના વધારાના નિવેદન ઉપર મુલ્તવી રહેલ છે. અરજદાર/આરોપી સામે ખૂનનો ગંભીર ગુન્હો છે અને ટ્રાયલ પુરી થવા ઉપર છે ત્યારે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આ જ પ્રકારનો અન્ય ગુન્હો બને તેવી ત.ક.અમલદારની શકયતા છે. હાલના ગુન્હાના કામે અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો તેઓએ પોતાના હાથમાંના તિરકામઠા વડે સાહેદ શારદાબેનને પેટના ભાગે મારી, જીવલેણ ઈજાઓ પહોંચાડી, જાનથી મારી નાખવાની કોશિષ કરતાં, ઈજા પામનાર શારદાબેન સારવાર દરમ્યાન મરણ ગયેલ છે. આમ, હાલના અરજદાર/આરોપી તે આ ગુન્હાના મુખ્ય આરોપી છે અને તેઓની સામેના ગુન્હાની ગંભીરતા વધી જાય છે.

**(૧૧)** પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ આરોપીને પાણી ખેંચવાના મશીનના ભાડાના પૈસા બાબતે વાત કરતાં આરોપીએ અદાવત રાખી ફરીયાદીના ઘર નજીક આવી ગાળો બોલતાં સાહેદ શારદાબેન લાખાભાઈ બુબડીયા નાઓ ઘરની બહાર નીકળતાં આરોપીએ મારી નાખવાના ઈરાદે તેના હાથમાંનુ તિરકામઠું ખેંચી સાહેદના પેટના ભાગે તીર મારી, ગંભીર ઈજાઓ પહોંચાડી, મે.જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલાની ફરીયાદ છે. આ કામે રજુ પોલીસ પેપર્સની સાથે ઈજા પામનારનુ ઈજાનુ સર્ટીફીકેટ રજુ છે જેમાં તેઓને ગંભીર ઈજાઓ જણાવેલી છે. ઈજા પામનારનુ સારવાર દરમ્યાન મરણ થયેલ છે અને જે અંગેનો પી.એમ.રીપોર્ટ આ કામે રજુ છે.આમ, ઈજા પામનારને પેટના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મૃત્યુ થયેલ છે. આ કામે પોલીસ પેપર્સ સાથે રજુ સાહેદોનાં નિવેદનો ધ્યાને લેતાં, તેઓએ આરોપીઓ સામેના ગુન્હાને સમર્થન આપેલ છે, તેમજ આરોપી વિરુધ્ધ ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીએ શંકા વ્યકત કરેલ છે કે, જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના સાહેદોને તોડી, ફોડી કેસને નુકસાન પહોંચાડે તેવી પુરેપુરી સંભાવના છે. વધુમાં ફકત નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ થવાથી સંજોગો બદલાતા નથી અને તે હકીકતે ધ્યાને લઈ તેમજ તમામ કેસ પેપર્સ ધ્યાને લેતાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વાજબી અને ન્યાયી જણાતુ નથી.

**(૧૨)** આમ, હાલના અરજદાર/આરોપી સામે આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૩૦૨ ખૂન જેવો ગંભીર પ્રકારનો ગુન્હો છે તેની ગંભીરતા ધ્યાને લેતાં તેમજ જયારે અરજદાર/આરોપી તથા ફરીયાદી એક જ સમાજના અને સગા ભાઈઓ છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભવિષ્યમાં બીજો બનાવ બને તેવી શકયતા નકારી શકાય તેમ ન હોય તેમજ જો અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો સમાજ ઉપર વિપરીત અસર પડે તેમ હોય, તેમજ જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાહેદોને તોળી ફોડી, કેસને નુકસાન પહોંચાડે તેવી દહેશત રહેલી હોય, જેથી ઈ.પી.કો.કલમ–૩૦૨ ખૂન જેવા ગંભીર ગુન્હાના અરજદાર/આરોપીને ઉપરોકત ટાંકેલ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં જામીન મુકત કરવા યોગ્ય અને વ્યાજબી જણાતુ નથી. આમ, હાલના અરજદાર/આરોપી સામેના ગુન્હાની ગંભીરતા, અરજદાર/આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ, અરજદાર/આરોપી સામેના ગુન્હાની સજાની જોગવાઈ વિગેરે હકીકતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વ્યાજબી અને ન્યાયી જણાતુ ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**–:: હુકમ ::–**

૧. આથી આ કામના અરજદાર/આરોપી **વાઘજીભાઈ મશરૂભાઈ બુબડીયા,** રહે.કાલીકાંકર (ગવરીફળો)તા.પોશીના, જી.સાબરકાંઠા વાળાની હાલની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ અન્વયે પોશીના પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૮, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે કરેલ

રેગ્યુલર જામીન પર મુકત થવાની ફોજદારી પરચુરણ અરજી નં.૫૧૫/૨૦૨૨ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

૨. પોલીસ પેપર્સ વિ.એ.પી.પી.શ્રીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૧મી માહે ઓકટોબર, સને–૨૦૨૨ નારોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(સવાઈસિંહ મોહનસિંહ રાજપુરોહિત)**
જીજે૦૦૫૪૪
બીજા એડીશનલ સેશન્સ જજ, ઈડર.

//BSP//